-૩૦૦-૯-૨૦૧૭ D\SCHEDULED-2017**UG &PG** Suplimentary Exam Form Cir_Nove-Dece-2017.pmd.

**ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)**
**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૧૨૬,**
**ટેલિગ્રામ : યુનિગુજરાત,**

# ગુજરાત યુનિવર્સિટી

(સુધારો)

**નં. પરીક્ષા/૪-અ/૧૯૬૬૫/૨૦૧૭**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૦૬-૦૯-૨૦૧૭**

**પરિપત્ર નં. : ૨૦૫**

## (UG) & (PG) પૂરક પરીક્ષાના આવેદનપત્રો

આથી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. તથા બી.સી.એ. (UG) અને એમ.એ., એમ.કૉમ. એમ.એસસી. (PG) વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓને તથા અનુસ્નાતક વિભાગમાં અધ્યક્ષશ્રીઓને જણાવવાનું કે, આગામી ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૭ માસમાં લેવાનાર પૂરક પરીક્ષા માટે સેમેસ્ટર-૨, ૪ અને ૬ (UG) અને સેમેસ્ટર ૨ અને ૪ (PG)માં અગાઉ નાપાસ થયેલ **વિદ્યાર્થીઓના આવેદનપત્રો નિયત ફી સાથે વિદ્યાર્થી પાસેથી કૉલેજે સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૦૯-૨૦૧૭ અને કૉલેજે તા. ૨૨-૦૯-૨૦૧૭ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.** ત્યાર બાદ કોઈ પણ આવેદનપત્ર સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

(૧) ઓર્ડિ.ની જોગવાઈ મુજબ B.A., B.Com., B.Sc., B.B.A. અને B.C.A. (UG) પરીક્ષાની ફી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

| ***ક્રમ*** | ***પરીક્ષાનું નામ*** | ***પરીક્ષા ફી*** | ***પ્રેક્ટિકલ ફી*** | ***ફોર્મ ફી*** | ***કુલ રકમ*** |
|---|---|---|---|---|---|
| | | ***રૂ.*** | ***રૂ.*** | ***રૂ.*** | ***રૂ.*** |
| ૧. | B.A. Sem-II, IV અને VI (રીપિટર) | ૧૭૫/- | ---- | ૨૫/- | **૨૦૦/-** |
| ૨. | B.Com. Sem-II, IV અને Vi (રીપિટર) | ૧૭૫/- | ---- | ૨૫/- | **૨૦૦/-** |
| ૩. | B.Sc. Sem-II, IV અને Vi (રીપિટર) | ૧૭૫/- | ૧૫૦/- | ૨૫/- | **૩૫૦/-** |
| ૪. | B.B.A. Sem-II, IV અને Vi (રીપિટર) | ૫૦૦/- | --- | ૨૫/- | **૫૨૫/-** |
| ૫. | B.C.A. Sem-II, IV અને Vi (રીપિટર) | ૫૦૦/- | --- | ૨૫/- | **૫૨૫/-** |

(a) આર્ટ્સ અને કૉમર્સ વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિવર્સિટી દ્વારા પ્રેક્ટિકલ લેવામાં આવતી હોય તે વિષયો માટે કુલ ફી રૂ. ૨૫૦/- અને અન્ય વિષયો માટે રૂ. ૨૦૦/- લેવાની રહેશે..

(૨) ઓર્ડિ.ની જોગવાઈ મુજબ M.A., M.Com. અને M.Sc. (PG) પરીક્ષાની ફી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

| ***ક્રમ*** | ***પરીક્ષાનું નામ*** | ***પરીક્ષા ફી*** | ***પ્રેક્ટિકલ ફી*** | ***ફોર્મ ફી*** | ***કુલ રકમ*** |
|---|---|---|---|---|---|
| (૧) | M.A. Sem-૨ અને ૪ (રીપીટર) | રૂ. ૫૦૦/- | --- | ૨૫/- | ૫૨૫/- |
| (૨) | M.Com. Sem-૨ અને ૪ (રીપીટર) | રૂ. ૫૦૦/- | — | ૨૫/- | ૫૨૫/- |
| (૩) | M.Sc. Sem-૨ અને ૪ (રીપીટર) | રૂ. ૫૦૦/- | — | ૨૫/- | ૫૨૫/- |

(૩) સેમેસ્ટર-૨ ૪ અને ૬ (UG) અને સેમેસ્ટર-૨ અને ૪ (PG)ના પરીક્ષા ફોર્મ ગુજરાત

***[P.T.O.***

યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પ્રિન્ટ કાઢી ફોર્મ ભરાવવાના રહેશે.

(૪) સેમેસ્ટર-૨, ૪ અને-૬ (UG) અને સેમેસ્ટર-૨ અને ૪ (PG)ના પરીક્ષા ફોર્મની Online એન્ટ્રી કરી ફોર્મ તેમજ પ્રિન્ટ આઉટની બે નકલ યુનિવર્સિટી કાર્યાલયમાં નિયત તારીખમાં જમા કરાવવાના રહેશે.

(૫) પરીક્ષા આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે.

(૬) આપની સંસ્થામાંથી આગામી પૂરક પરીક્ષામાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી ફક્ત ડિમાન્ડ ડ્રાફ્ટ કે ચેકથી હિસાબી શાખામાં જમા કરાવવી (ચેક રીટર્ન થયે રૂ. ૨,૦૦૦/- રીટર્ન ચાર્જ લેવામાં આવશે). **કોઈ પણ સંજોગોમાં ફી રોકડેથી સ્વીકારવામાં આવશે નહિં.**

(૭) યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

(૮) અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

(૯) **કૉલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને સીધા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ આપવા મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**

પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બી.બી.એ. તથા બી.સી.એ. વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ તથા ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ

(૨) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ,

(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ,

(૪) તમામ વિભાગીય અધિકારીઓ તરફ,

(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ,

(૬) ડાયરેક્ટરશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર,

(૭) ઈન્ફોર્મેશન સેન્ટર, ગુજ. યુનિ. અમદાવાદ-૯.